સમરસતાથી જ રાષ્ટ્રરક્ષા

# સમરસતા સેતુ

(માસિક)

તંત્રી : દેવજી રાવત R.N.I. No.: GUJGUJ/2010/32670 No. GAMC-1760-2010-2012 પાના : ૮

વર્ષ : ૨ અંક : ૮ ડિસેમ્બર-૨૦૧૧ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- છુટક નકલ રૂા. ૫/-

'સમરસતા સેતુ'

વર્ષ-૨ અંક-૮

તંત્રી : દેવજીભાઈ જે. રાવત

સંપાદક મંડળ : નરેશ રાવત
ડૉ. રાજાભાઈ કાથડ
મધુકાંત પ્રજાપતિ
રશેષ રાવલ
બિપીન પંચાલ

પરામર્શ સમિતિ : ડૉ. પી. જી. જ્યોતિકર
પ્રો. રાજેશભાઈ શાસ્ત્રી
અશોક રાવલ
પૂ. સ્વામીશ્રી પી. સી. શાસ્ત્રી
ઉદયન પારેખ
રણછોડભાઈ સોલંકી
સ્નેહલ મહેતા (સ્ટ્રકચરલ એન્જી.)

અનુવાદક : જયંત દેસાઈ

કાનૂની સલાહકાર : હસમુખભાઈ પટેલ, એડ્.(ગુ.હા.કોર્ટ)
મિનેશ વાઘેલા (એડ્.)

કાર્યાલય વ્યવસ્થા : રમેશકુમાર
'સમરસતા સેતુ' ધર્માદા દવાખાનું,
ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૨૭.
E-mail : samrastasetu2010@gmail.com
Web : http:/vhp.org

**માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : દેવજીભાઈ જે. રાવત** આર્ટલાઈન ઈમેજીસ પ્રા.લી., ૩, સૂર્યા કોમ્પલેક્ષ, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ ખાતેથી છપાવી ધર્માદા દવાખાનું ગાંધી આશ્રમ, અમદાવાદ-૨૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

Registered under Postal Registration No. GAMC-1760/2010-2012 valid upto 31st December-2012.
R.N.I. No.: GUJGUJ/2010/32670
Permitted to Post at AHD PSO on 16th of Every Month

## 'સમરસતા સેતુ' હિંદી માસિક પત્રિકાનું દિપાવલીના શુભ પર્વ પર હીંદી પ્રકાશન અંક નો વિમોચન કાર્યક્રમ મા. સર કાર્યવાહ શ્રી ભૈયાજી જોષી અને આ.રા. મહામંત્રી ડૉ. પ્રવિણભાઈ તોગડિયા - વિ.હિ.પ.ના હસ્તે સંપન્ન થયો.




**ઉપરોક્ત તસ્વીરમાં પ.પૂ.ડૉ.ગૌરાંગશરણાચાર્યજી, શ્રી દેવજીભાઈ રાવત, પ.પૂ. મહંતશ્રી નાનકદાસજી મહારાજ, મા. સરકાર્યવાહ ભૈયાજી જોષી, મા.શ્રી ડૉ. પ્રવિણભાઈ તોગડિયા, મા.શ્રી દિનેશચંદ્રજી, પ.પૂ. મહંત શ્રી અખિલેશ્વર દાસજી મહારાજ, પ.પૂ. કાલીદાસજી મહારાજ સમરસતા સેતુના હિન્દી અંકના વિમોચન પ્રસંગે.**

વિશ્વ હિંદુ પરિષદના આયામ ધર્મપ્રસાર વિભાગના ત્રણ દિવસીય અ.ભા.સંમેલનમાં ''સમરસતા સેતુ'' માસિક ના હિંદી અંકનો વિમોચન કાર્યક્રમ મા.શ્રી.ભૈયાજી જોષી સર કાર્યવાહક રા.સ્વ.સંઘ તથા મા.શ્રી. પ્રવિણભાઈ તોગડીયા આ.રા.મહામંત્રી વિ.હિ.પ તથા શ્રી દિનેશચંદ્રજી આ.રાં. મહામંત્રી સંગઠન વિ.હિ.પ. તથા પ.પૂ.શ્રી નાનકદાસજી મહારાજ અને અનેક પૂ.સંતો-પદાધિકારીઓની હાજરીમાં દિનાંક ૭ નવે. ૨૦૧૧ ના રોજ પિરાણા ખાતે શ્રી નિષ્કલંકી નારાયણ મંદિર ખાતે સંપન્ન થયો હતો.

મા.શ્રી.ભૈયાજી જોષી તથા મા.શ્રી. ડૉ.પ્રવિણભાઈના હસ્તે 'સમરસતા સેતુ'માસિક હિંદીના અંકનો શુભારંભ હવે પ્રતિમાસ કરવામાં આવી રહ્યો છે. સામાજિક સમરસતા નિર્માણ થીજ રાષ્ટ્ર રક્ષાના વિચારને હવે માસિકના માધ્યમથી દેશભરમાં જનજન સુધી પહોંચાડવાના ભીમ કાર્યના દૃઢ સંકલ્પ સાથે હિંદી પ્રકાશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# સામાજિક સમરસતા મંચ દ્વારા સ્નેહમિલન યોજાયું

**– અહેવાલ : મધુકાંત પ્રજાપતિ**




**મહાનગરના સામાજિક સમરસતા મંચના સંમેલનમાં પ્રસિધ્ધ સાહિત્યકાર અને સમાજચિંતક શ્રી ડૉ. કેશુભાઈ દેસાઈ પ્રવચન આપતા. સાથે પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી મુળચંદભાઈ રાણા અને શ્રી મધુકાંતભાઈ પ્રજાપતિ શહેર મંત્રી ઉપરોક્ત તસ્વીરમાં દ્દષ્ટિગોચર થાય છે.**

સામાજિક સમરસતા મંચ-અમદાવાદ દ્વારા માધવસ્મૃતિન્યાસ ઉસ્માનપુરા ખાતે ૨૬-૧૧-૧૧ ના રોજ કાર્યકર્તા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સામાજિક સમરસતા મંચની પ્રવૃતિનો ખ્યાલ આપતાં સહમંત્રી શ્રી રણછોડભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સંઘના પ્રચારક અને પ્રખર વિચારક શ્રી દતોપંતજી થેંગડીની ઉપસ્થિતિમાં સમરસતા મંચની સ્થાપના થઈ હતી. મંચ દ્વારા સમાજમાં ભાતૃભાવ અને સમરસતાનો ભાવ વધે તે માટે સ્નેહમિલન કાર્યક્રમો, કાર્યકર્તા અભ્યાસવર્ગ વક્તૃત્વ સ્પર્ધાઓ, ડૉ.બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળા, વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ, પુસ્તક પ્રકાશન, સમરસતા પ્રદર્શન સંત રવિદાસ જયંતી વગેરે પર્વોની પ્રાસંગિક કાર્યક્રમો સમગ્ર ગુજરાત રાજ્યમાં યોજવામાં આવે છે.

આજના કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી ડૉ.કેશુભાઈ દેસાઈ (પ્રસિદ્ધ સાહિત્યકાર)જણાવ્યું હતું કે સમરસતાનો ભાવ જ સમાજને એક રાખી શકશે. ભગવાન રામે બોર ખાઈને કે સીતા માતાને શોધવા વાનરોને મિત્ર બનાવીને સમરસતાનું ઉદાહરણ પૂરું પાડ્યું. મીરાંબાઈએ સંત રોહિતદાસને ગુરુ કર્યા. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણને વિશેષ મહત્ત્વ આપ્યું. રા.સ્વ.સંઘ દ્વારા કોઈપણ જાતની અપેક્ષા વિના મૂકભાવે આ કાર્ય ચાલી રહ્યું છે ડૉ.આંબેડકરજીએ પણ જ્યારે ધર્મપરીવર્તન કરવાનો નિશ્ચય કર્યો ત્યારે સનાનત ધર્મની જ એક શાખા એવા બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજનું કાર્ય ધીરજ અને સંયમથી બને પણ મહત્ત્વનું કાર્ય છે પૂર્વજોએ કરેલી ભૂલોના પ્રાયશ્ચિત કરીને આગળ વધવાનો આ સમય છે. શ્રી મૂલચંદભાઈ રાણાએ (ઉપાધ્યક્ષ)જણાવ્યું હતું કે સમરસતા નિર્માણ માટે અનેક સંતો મહંતો અને સંઘ તથા સમરસતા મંચે મહત્ત્વનું કાર્ય કર્યું છે. પરંતુ કેટલીક સંસ્થાઓ સમાજમાં સંવાદિતાને બદલે વિઘટનકારી પ્રવૃત્તિઓ કરી રહી છે અને સમાજ સંગઠિત ન બને તે માટે પ્રવૃત છે. અનુસૂચિત જાતિને મળતાં લાભોમાં ખ્રિસ્તીઓનો સમાવેશ કરી ધર્માંતરણને પ્રોત્સાહન આપવાનું કાર્ય થઈ રહ્યું છે. ત્યારે સમગ્ર હિન્દુ સમાજે એક થઈ પોતાની સમસ્યાઓ અવશ્ય ઉકેલવી પડશે. આશીર્વચન આપતાં પ.પૂ.શ્રી પુરુષોત્તમનારાયણ શાસ્ત્રીજી મહારાજ (ઝુંડાલ ગુરુકુળ) જણાવ્યું કે મારી દ્દષ્ટિએ દલિત સમાજ એ સૌથી વધારે દયાળુ સમાજ રહ્યો છે. સમરસતા લાવવા માટે પરસ્પરના વ્યવહારમાં પરિવર્તન લાવવું પડશે. કોમ્યુનલ વાયોલેન્સ જેવા બીલ લાવીને કેન્દ્રસરકાર સમાજને વિભાજીત કરવાનું કાર્ય કરે છે ત્યારે સૌએ ચેતવવાની જરૂર છે.

આ પ્રસંગે સમરસતા મંચના ગુજરાતના મંત્રી નટુભાઈ વાઘેલા અમદાવાદના પ્રમુખ શ્રી ડૉ.વિજયભાઈ ઝાલા, મંત્રીશ્રી મધુકાંતભાઈ પ્રજાપતિ. સામાજિક સમરસાત વિ.હિ.પના શ્રી દેવજીભાઈ રાવત તથામોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌ સ્નેહભોજન સાથે છૂટા પડ્યા હતા.




**મહાનગરના સામાજિક સમરસતા મંચના સંમેલનમાં આશિર્વચન આપતા પ.પૂ. સ્વામીશ્રી પુરુષોત્તમચરણ શાસ્ત્રી, (સ્વામિનારાયણ ગુરૂકુળ, ઝુંડાલ) તથા શહેરના અધ્યક્ષ ડૉ. વિજયભાઈ ઝાલા ઉપરોક્ત તસ્વીરમાં.**

# એક શિક્ષિત બ્રાહ્મણ બહેનની એકવીસમી સદીની ગુરૂદક્ષિણા - સમરસતાનો અદ્‌ભૂત અનુભવ

## કોંકણ (ગોવા)પ્રાન્તનો પ્રવાસ : દેવજીભાઈ રાવત

પરમ સ્નેહી,

સાદર પ્રણામ

૨૯ જુલાઈ થી ૩૧ જુલાઈ સુધીના ત્રણ દિવસીય ગોવા પ્રાન્તના પ્રવાસ કાર્યક્રમનું વૃત-નિવેદન આપની જાણકારી માટે મોકલી રહ્યો છું.

સામાજિક સમરસતા આયામના સંગઠનાત્મક કાર્યને વધારવામાં આ પ્રવાસ પાયાની ઈંટ બનશે તેવી અનુભૂતિ મને થઈ રહી છે. ૨૭ જુલાઈના રોજ મુંબઈ મહાનગરનો પ્રવાસ પૂર્ણ કરીને મુંબઈ ટુ ગોવા એક્સપ્રેસથી ૨૮ જુલાઈના રોજ બપોરે મડગાંવ રેલ્વે સ્ટેશન પહોંચ્યો. મા.શ્રી.શ્રીકાન્તજી, શ્રી સંજયભાઈ, શ્રી અનિલ નાઈકજી મને સ્ટેશન પર લેવા આવ્યા હતા. મા.શ્રી. શ્રીકાન્તજી વાનપ્રસ્થ વયે પણ વિહિપના કાર્ય માટે અત્યંત સક્રિય છે એવો અહેસાસ મને તેમને પહેલી વખત મળવાથી થયો.

મારો આ પ્રવાસ કોંકણ રેલ્વેમાં વર્ષાઋતુમાં પહેલો હતો. સમસ્ત રેલ્વે રૂટ પર વર્ષાની રિમઝિમ રિમઝિમ પાણીની બૌછાર થઈ રહી હતી. અને ચારે તરફ પ્રકૃતિએ લીલી ચાદર બિછાવી હોય એવું મનમોહક દ્રશ્ય બન્યું હતું. હું કુદરતનો આ નજારો ખૂબ આનંદ અને ઉલ્લાસ સાથે માણી રહ્યો હતો. ટ્રેન પ્રવાસ દરમ્યાન હું હંમેશાં એકાદ પુસ્તક વાંચતો રહું છું. પરંતુ આવા માહોલમાં બારીની બહાર કુદરનો કરિશ્મા-વર્ષાઋતુની મોજનો આનંદ લઈ ઉંચા પહાડ, લીલી ચાદર ઓઢીને, વાદળો સાથે વાતો કરતા હોય તેવું મને લાગી રહ્યું હતું. અને જગ્યાએ નાના-નાના ઝરણાં વહી રહ્યા હતાં. દરિયા કિનારે લાંબા-લાંબા નાળિયેર અને તાડના વૃક્ષોની એક લાંબી હરોળ શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી. કોંકણ પટ્ટી પર રેલ્વેમાં કુદરતના નજારાનો આનંદ લેવા માટે હું આખો દિવસ બારી પાસે બેસી રહ્યો, ત્યાંથી ઊભો જ ન થયો. અદ્‌ભૂત, સુંદર દરિયા કિનારો, મોટા પહાડ લાંબા વૃક્ષો અને લીલીછમ પ્રકૃતિને ભરપેટ જોતો જ રહ્યો. ખૂબ આનંદ થતો હતો અને ક્યારે મડગાંવ સ્ટેશન આવ્યું તેની ખબર જ ન પડી અને સામાન ઠીકઠાક કરી ગોવા-મડગાંવ રેલ્વે સ્ટેશન પર ૨૮ જુલાઈના રોજ બપોરે ઉતર્યો. તે વખતે અહેસાસ થયો કે ''મેરા ભારત મહાન હૈ'' મારી સુંદર સુહાસિની માં ભારતમાતાનું દર્શન કરીને હું ધન્ય થયો.

૨૯ જુલાઈના રોજ સવારે મા.શ્રી.મધુકર દિક્ષિતના નિવાસે જલપાન કર્યું અને મારા પ્રવાસનો આરંભ થયો. મા.શ્રી.મધુકરજી અને મા.શ્રી.પ્રશાંતજી હડતાલકરનું સુંદર માર્ગદર્શન અને સહયોગથી ગોવાનો આ મારો પ્રથમ પ્રવાસ સંપન્ન થયો એવું મને લાગે છે ખૂબ સરસ રીતે મારા પ્રવાસનું આયોજન તેમણે મળીને કર્યું હતું. એક પ્રાન્તના અધિકારીને મારી સાથે પ્રવાસમાં રાખ્યા હતા. ક્યાં સંપર્ક કરવો, ક્યાં બેઠક કરવી, કોના ઘરે ભોજન કરવું અને ક્યાં ગોષ્ટી કરવી તેનું ખૂબ સુંદર આયોજન આ અધિકારીશ્રીઓએ કર્યું હતું. મારો પ્રવાસ સાચી દિશામાં સંગઠનાત્મક દષ્ટિએ સારો રહ્યો એવો મને સુખદ અનુભવ થયો.

ગોવા-ફોન્ડા થી મડગાઁવ ૪૦ કી.મી. દૂર છે અને પ્રખંડ કેન્દ્ર છે તથા મા.શ્રી.અનિલ નાઈકજી, જિલ્લા મંત્રી-વિહિપ આખો દિવસ પ્રવાસમાં મારી સાથે રહ્યા, નાની-નાની ગોષ્ટી-બેઠક, વાર્તાલાપ, સંપર્ક આખો દિવસ આ રીતે પ્રવાસ ચાલતો રહ્યો.

સવારે ૧૧ વાગે સેવાવસ્તીમાં જવાનું થયું. ૪-૫ યુવકો વણઝારા સમાજના હતા તેમની સાથે સારી ચર્ચા-વાર્તાલાપ થયાં. વણઝારા સમાજની સમસ્યાઓ વિશે સારી જાણકારી મળી. ચા-પાણી કરીને અમે આગળ પ્રવાસ આરંભ્યો. બપોરનું ભોજન એક ગુજરાતી પરિવારમાં થયું. ધાર્મિક સામાજિક કાર્યોમાં સહયોગ કરનારો આ પરિવાર વાસ્તવમાં વર્ષોના નિવાસ પછી ગોવાવાસી જ બની ચૂક્યો હોય તેવું તેમના વ્યવહાર-વાતચીત પરથી લાગ્યું. સમગ્ર કોંકણ સંસ્કૃતિમાં રંગાએલો પરિવાર...ગુજરાતી પરિવાર...

બપોરે મડગાંવ સંઘ કાર્યાલયમાં વિશ્રાન્તિ માટે ગયા. ત્યારબાદ ચાર વાગે સંઘના પદધિકારીઓ સાથે બેઠકના રૂપમાં વાર્તાલાપ થયો. ખૂબ સરસ સામાજિક સ્થિતિની જાણકારી મળી.

રાત્રે મડગાંવના ગોવાવાસી અનુસૂચિત સમાજના બંધુઓના મહોલ્લામાં સંપર્ક બેઠકના રૂપમાં જવાનું થયું. **મેં જોયું છે કે દલિત વસ્તી દૂર થી જ ઓળખાય જાય છે, પરંતુ અહિંયા મને અનેરૂ દ્રશ્ય જોવા મળ્યું જે મનભાવન હતું. સાફ અને સ્વચ્છ વિસ્તાર, સારી ગલીઓ, નિવાસ આગળ તુલસીનો છોડ, રંગોળી...એક સ્વચ્છ, સુંદર વસ્તીનું દ્રશ્ય જોઈને મને ખૂબ આનંદ થયો.** તેમનું પોતાનું એક મોટું મંદિર છે. ભગવાન શિવજીનું તેમના પોતાના જ પુજારી દ્વારા પૂજા-પાઠ-આરતી થાય છે. વિશાળ બાગ-બગીચાવાળું મંદિર...મંદિરમાં જ સમાજના મુખ્ય ૧૦-૧૨ યુવક-વડીલો સાથે

સામાજિક સમરસતાની ગોષ્ટી-ચર્ચા વાર્તાલાપ થયા. સમાજના આગેવાન નેતા સાથે પણ મુલાકાત થઈ. એક કાર્યકર્તા આપણા કામ માટે મળી શકશે એવો મને વિશ્વાસ થયો. રાત્રે ૧૦-૩૦ વાગે રાત્રિ-નિવાસ સંઘ કાર્યાલયમાં થયો. કાર્યાલયમાં હું એકલો જ હતો. રાત્રે થોડું અજીબ જેવું મહેસૂસ થયું. મા.અનિલજી મને મૂકીને તેમના ઘરે ગયા હતા. રાત્રે મેં કષ્ટ સાથે રાત્રી-નિવાસ કર્યો.

૩૦ જુલાઈના દિવસે પ્રાન્ત સહમંત્રી માન.શ્રી એકનાથજી નાઈક સાથે મડગાંવથી વાસ્કો-ડી-ગામા શહેરમાં જવાનું થયું. મા.શ્રીકાન્તજીનું નિવાસ અહીં જ છે. અમારા કેન્દ્રીય ઉપાધ્યક્ષ શ્રી અશોકરાવ ચૌગુલેજીનું મોટું આલિશાન નિવાસ જોવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

શ્રીકાન્તજી સાથે અમે ગોવા પ્રાન્તના એક પૂર્વ વિધાયક જે અનુસૂચિત જાતિના છે તેમજ સંઘના સ્વયંસેવક છે તેમની સાથે સંપર્ક થયો અને ખૂબ સારી જાણકારી મળી. તેમણે થોડી સારી વાતો અને સમરસતા માટે કામ કરે એવાં કાર્યકર્તાના નામ આપ્યાં. એ જ વખતે ગુજરાતી વેપારી શ્રી જય લાખાણીજી સાથે મુલાકાત થઈ. સમય હતો એટલે અમે વાસ્કો-ડી-ગામામાં મંદિર-દર્શન, હાર્બર, સમુદ્ર જોવા ગયા. આ શહેર સુંદર શહેર છે. જે પહાડો પર વસેલું છે. સમુદ્ર કિનારે આવેલું આ મનમોહક સુંદર, શાંત અને પ્રદૂષણમુક્ત શહેર છે.

રાત્રે પ્રખંડમંત્રીશ્રીના ઘેર એક મંદિરમાં સંચાલન સમિતિના યુવા સદસ્યો સાથે બેઠકના રૂપમાં એક મુલાકાત થઈ. સા.સમરસતા પર ગોષ્ઠી-વિચાર, વાર્તાલાપ થયાં. બેઠક પૂર્ણ કરીને અમે મા.શ્રીકાન્તજીની ગાડીમાં તેમની સાથે વાસ્કો-ડી-ગામાથી કોન્ડા પર આવવા નીકળ્યાં. અંતર ૪૫ કિ.મી. છે. કોન્ડા વિહિપ કાર્યાલયમાં રાત્રિવનિવાસ કર્યો.

૩૧ જુલાઈના દિવસે હું અને શ્રી એકનાથ નાઈકજી સવારે શ્રી અનિતાબહેન (મહિલા સહસંયોજીકા) ના નિવાસે જલપાન કરીને તેમની જ ગાડીમાં 'અનોવા' ગામે એક મહાર પરિવાર સાથે સંપર્ક કરવા ગયા. બેઠકનું આયોજન હતું. આખો પરિવાર શાસ્ત્રીય સંગીતનો સારો જાણકાર-કલાકાર પરિવાર હતો. ગોવાના ગ્રામ્ય જીવનના દર્શન આ ગામ અને આ પરિવારની મુલાકાતથી થયા. ત્યાં એક અદ્‌ભૂત ઘટના જાણવા મળી.

શાસ્ત્રીય સંગીતના જાણકાર કલાકાર પરિવાર ઘરના બધા જ સભ્યો કોઈને કોઈ શાસ્ત્રીય સંગીતના જાણકાર હતા. શ્રીમતી ડૉ. અનીતાબહેનના ગુરૂ સારા સિતારવાદક છે. તેણી તેમની પાસે સિતાર વગાડવાની સંગીત તાલીમાર્થી તરીકે શિષ્યા તરીકે સંગીત શીખી રહી છે. તેમના દલીત સિતારવાદક ગુરૂ ગોવાની એક પ્રખ્યાત સંગીત બીટ્સ કંપનીમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. આવા શ્રેષ્ઠ ગુરૂ પાસે એક બ્રાહ્મણ શિક્ષીત યુવતી શિષ્યા નાનકડા ગ્રામ્ય માં એક દલીત મહાર પરિવાર સાથે એક શિક્ષીત બ્રાહ્મણ યુવતીનું ઘરના એક સભ્યની માફક જ હળી મળી જઈ સમરસ થઈ જતું એક અદ્‌ભુત દૃશ્ય હતું.

એક દિવસ આ ડૉ.અનીતાબહેન ને પોતાના ગુરૂ ને એક અસ્મરણિય અદ્‌ભુત એકવસીમી સદીના એકલવ્યની જેમ પોતાના ગુરૂ સિતારવાદક ને અણમોલ ગુરૂદક્ષિણા આપી. વાત એમ બની હતી કે ગુરૂજી ઓછું ભણેલા હતા તેનો રંજ, સંકોચ ગુરૂને અનેક મોટા કાર્યક્રમોમાં પરિચય વખતે અનુભવું પડતું હતું. આ પીડા શિષ્યા અનિતાબહેને સમજીને એક દિવસ જાતે ગુરૂને લઈ કોલેજમાં પહોંચી. એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ અપાવ્યો. હવે સંગીત શીખવાની સાથે ગુરૂને કોલેજ શિક્ષણ આપવા લાગ્યા ને આજે ગુરૂજી સ્નાતક બની B.A. ની પદવી પ્રાપ્ત કરી ચૂક્યા છે... કેવી અણમોલ ગુરૂદક્ષિણા એકવીસમી સદીની એક શિક્ષિત બ્રાહ્મણ યુવતીની પોતાના દલીત ગુરૂને પ્રોત્સાહિત કરી શિક્ષીત કર્યા. સામાજિક સમરસતાનું અદ્‌ભુત ઉદાહરણ મને ગોવાના 'અનોવા'ગામમાં જોવા મળ્યું.

૧૫ લોકો બેઠકમાં ઉપસ્થિત હતાં. ૨-૩ કાર્યકર્તા અમારા કાર્ય માટે મળી રહેશે એવું મને લાગ્યું. ત્યાંથી અમે આગળ વધ્યા, અને સાંજે ૫ વાગે મડગાંવ રેલ્વે સ્ટેશને પહોંચ્યા. ત્યાંથી મારે કેરલ પ્રાન્તના અર્નાકુલમ શહેર માટે ટ્રેન પકડવાની હતી. ટ્રેન સાંજે સાત વાગ્યાની હતી. સ્ટેશન પર શ્રી મીઠુ મોરુજકર (અનુ.જાતિ આરક્ષણ બચાઓ મંચ-પ્રાન્ત સંયોજકશ્રી)સાથે મુલાકાત થઈ. કાર્ય-કર્યક્રમના વિષયમાં વાતચીત થઈ. ચા-પાણી સ્ટેશન પર કર્યા અને મા.શ્રી.અનિલજી અને સંજયજીએ મારા આગળના પ્રવાસ માટે ભોજન પેકેટનો પ્રબંધ કર્યો અને ત્યાંથી વિદાય આપી.

ગોવા પ્રાન્તના મારા પ્રવાસમાં શ્રી સંજયજી, શ્રી અનિલજી, શ્રી એકનાથજી નાઈક, મા.શ્રી.શ્રીકાન્તજી, શ્રી દિલિપજી, મા.શ્રી મધુકરજી, મા.શ્રી.પ્રશાંતજી, હુડતાલકરજીએ સુંદર સહયોગ આપ્યો. તેમના સહયોગથી કોંકણ પ્રાન્તનો મારો આ પ્રથમ પ્રવાસ આગામી સામાજિક સમરસતાના કાર્ય માટે પાયાની ઈંટ બનીને સમરસતા નિર્માણકર્તા બનશે એવો મને દ્રઢ વિશ્વાસ છે.

ગોવા પ્રાન્તના પ્રવાસ દરમ્યાન છાત્રાવાસ સેવા પ્રકલ્પના દર્શન-મુલાકાત થઈ. કન્યા છાત્રાલયમાં ૭૬ યુવતીઓ, ૩ અનાથ બાળકો હતાં. ખૂબ સરસ વ્યવસ્થા-સંચાલન જોવા મળ્યું. યુવક છાત્રાવસમાં ૧૮ બાળકો ધો. ૫ થી ૧૨ સુધી અભ્યાસ કરતા હતા. સારા યુવા ગ્રહપતિ હતા. વ્યવસ્થા અને સંચાલન ખૂબ સુંદર હતાં.

**ઝારખંડ રાજ્યના રાંચી શહેર ખાતે સમાજના વિવિધ જાતિ બિરાદરી આગેવાનોની એક સદ્ભાવના બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી સજનારામ વાલ્મીકીજીએ ઉપસ્થિ સૌ સામાજિક આગેવાનો ને પોતાના જીવનમાં થયેલ અત્યંત દુઃખદ, પીડાજનક વ્યવહારની વાત ખૂબજ લાગણી સભર સ્વરમાં સૌની સમક્ષ મૂકી અપીલ કરેલ કે મેં અને મારા પરિવારે ખૂબ જ સહન કર્યું છે તેમ છતાંય અમે હિંદુ બનીને રહ્યા છીએ પરંતુ હવે હિંદુ સમાજમાં પરિવર્તન આવ્યું છે. સમરસતા સેતુના સુજ્ઞ વાચકો હૃદયને પીડા પહોંચાડનારી આ વાત અહીં ''વ્યથા સજનીરામ વાલ્મીકીની'' સ્વરૂપે અહીં રજૂ કરી છે. આપે વાંચવી રહી... તંત્રી...**

# વ્યથા સજનારામ વાલ્મિકીની

માનનીયશ્રી,

મારા જીવનમાં બનેલી અમુક સચ્ચાઈનું વર્ણન કરવું છે. હું એક હરિજન ભંગી જાતિનો સદસ્ય છું. મારા દાદા, માતા-પિતા બિહારના રાંચીમાં નોકરી કરવા આવ્યા હતા. તે વખતે અંગ્રેજોનું રાજ હતું. મારો જન્મ રાંચીમાં જ થયો હતો. મારા પરિવારના લોકો નગરપાલિકામાં સફાઈકામ કરતા હતા. તે વખતે ૯ રૂપિયા પ્રતિમાસ મળતા હતા. જ્યારે અમારો પરિવાર રાંચી આવ્યો તે સમયે અમારી આર્થિક સ્થિતિ ઠીક ન હતી. અહીંના બાળકોને શાળાએ જતાં જોઈ મારા મનમાં પણ ઘણીવાર શાળાએ જઈને ભણવાની ઈચ્છા જાગી. પરંતુ મારે આ ઈચ્છા ને મનમાં જ દબાવી રાખવી પડી કેમ કે અહીંના લોકો આભડછેટમાં બહુ માનતા હતા. આ આભડછેટના કારણે હું ક્યારેય શાળાએ ન જઈ શક્યો. થોડા દિવસ પછી હું મારા માતા-પિતા સાથે રાજસ્થાન ચાલ્યો ગયો. હું રાજસ્થાનમાં ફતેહપુર શેખાવાટીનો રહેનારો છું. તે વખતે રાજસ્થાનમાં પણ આભડછેટ પ્રણાલી હતી. તે સમયે રાજસ્થાનમાં ભંગી જાતિના લોકોને ઉચ્ચ જાતિના લોકો ખૂબ પરેશાન કરતા અને તેમને અછૂત માનવામાં આવતા હતા. ભંગી જાતિના લોકોને મંદિર જોવાની અનુમતિ ન હતી. જે રસ્તે ભંગી જાતિના લોકો આવ-જા કરતા તે રસ્તાનો ઉપયોગ ઉચ્ચજાતિના લોકો કરતા ન હતા. ત્યાંસુધી કે તેમને જૂતા પહેરવા દેવામાં પણ આવતા ન હતા. છત્રીનો ઉપયોગ કરી શકાતો નહીં. લગ્ન-વિવાહમાં, નાચ-ગાન, ઢોલ વગાડવા જેવાં તમામ કાર્યો પર રોક હતી. તેમને ઘોડા પર બેસીને લગ્ન કરવા દેવાતા ન હતા. અમારુ રાજસ્થાન એક રેતીલી જગ્યા છે જ્યાં ગરમીમાં રેત ઘણી ગરમ થાય છે. જૂતા પહેરવાની અનુમતિ ન હોવાના કારણે લોકો પોતાના પગને બળવાથી બચાવવા માટે આકના પાન કપડા લપેટીને ચાલતા હતા. બજારમાંથી કોઈ સામાનની જરૂર પડતી તો દુકાનદાર તે વસ્તુને દૂર મૂકી દેતાં અને તે વસ્તુ ત્યાંથી લઈ લેતા હતા અને અમારા પૈસા દુકાનદાર ધોઈને લેતા. કુવો જ્યાં કુતરો, ઊંટ અને બીજાં જાનવર પાણી પીતાં ત્યાંથી પાણી લાવીને પીવું પડતું હતું. અમારા બાળકોને શાળામાં ભણવા દેવામાં આવતા ન હતા. મારા લગ્ન ૧૯૪૩ માં રાજસ્થાનના ચુરુ જિલ્લાના બિદાસર ગામે થયા હતા. તે સમયે ગાડી જેવું સાધન ન હતું. અમારી જાતિના લોકો ઊંટ પર બેસીને જાન લઈ જતાં. રાજસ્થાનમાં એવો રીતિરિવાજ હતો કે જે વ્યક્તિના લગ્ન થાય તે રાણાના દરવાજે જઈ ગઢ નીચે ઉભો રહેને રાજાસાહેબને નમીને નમસ્કાર કરતો. મેં અને મારી ધર્મપત્નીએ પણ લગ્ન પછી તરત રાણાસાહેબના દરવાજે જઈને નસ્કાર કર્યા. તે સમયે રાણાસાહેબે અમને પાંચ રૂપિયા આપ્યા અને કહ્યું, હવે જાવ. આ ત્યાંની પરંપરા હતી જે દરેકે નિભાવવી પડતી. ત્યારપછી હું મારી પત્નીને મૂકીને રાંચી આવ્યો. રાંચી આવ્યા પછી ૧૯૪૯માં મને રાંચી કોલેજમાં સફાઈ કર્મચારીની નોકરી માટે રાખવામાં આવ્યો, અને અમારી કોલેજ તરફથી અમારી હરિજન કોલોની હરમૂ રોડમાં હરિજનો માટે એક રાત્રિ પાઠશાળાનું નિર્માણ કરવામાં આવ્યું. ત્યાં જઈને મેં મારો અભ્યાસ શરૂ કર્યો અને ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી. મારી કોલેજમાં મારી ઈમાનદારીના કારણે મને ચાર પ્રમોશનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હું એક સારા પદ પર કાર્યરત રહ્યો. તે દરમ્યાન મને વધુ એક સૌભાગ્ય પ્રાપ્ત થયું. ૧૯૫૬માં મને વાલ્મિકી સમાજનો મહામંત્રી નિયુક્ત કરવામાં આવ્યો. આ નિયુક્તિથી મેં એવી તમામ બુરાઈઓને ખતમ કરવાનો નિર્ણય કર્યો જેને મેં મારા બચપણમાં સહી હતી, મહેસુસ કરી હતી. જ્યારે મેં મારા સમાજ તરફ જોયું ત્યારે મને તેમાં ઘણી ગંદકીઓ જોવા મળી અને મને ઘણું દુઃખ થયું. ત્યારે મેં નિર્ણય કર્યો કે અમારા સમાજની દરેક વ્યક્તિ પોતાના હિસ્સાની ખુશી હાંસલ કરશે. મેં સમાજની બુરાઈઓને જડમૂળથી દૂર કરવા માટે ઘણાં સ્થળો પર વાલ્મિકી સમાજના અધિવેશન કરાવ્યા. મેં સ્વયં જઈને ૧૯૬૦માં પહેલુ અધિવેશન ઝરિયા ધનબાદમાં કરાવ્યું. બીજુ અધિવેશન આસનસોલ બંગાળમાં કરાવ્યું. ત્રીજું અધિવેશન વાસમાં અને ચોથું રાંચીમાં કરાવ્યું જ્યાં તમામ ઠરાવો પસાર કરવામાં આવ્યા. જુગાર, શરાબ અને તમામ ખરાબ કાર્યો પર પ્રતિબંધ મૂક્યો. સમાજમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે કોઈપણ બાળકના બાળવિવાહ ન થાય અને શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો. લગ્ન માટે છોકરીનું શિક્ષણ અને પુખ્ત ઉંમર પર ભાર આપવામાં આવ્યો. છોકરીનું શિક્ષણ મેટ્રિક અને છોકરાનું શિક્ષણ ગ્રેજ્યુએટ અનિવાર્ય હતું. સરકાર પાસે પણ માંગણી કરવામાં આવી કે માથા પર મળ ઉપાડીને

**હિન્દુ જાગો**

ફેંકવાની પ્રથા બંધ કરાવવામાં આવે અને ભંગીને બદલે અમને વાલ્મિકી જાતિનું પ્રમાણપત્ર આપવામાં આવે. ૧૯૭૫માં યુનિવર્સિટી કોલોની તરફથી એક ૭/૪ મકાન ફાળવવામાં આવ્યું. મેં મકાનમાં એક તાળુ માર્યું અને તે સમયે મારી પત્નીને મકાન બતાવવા લઈ ગયો. જ્યારે હું મારી પત્ની સાથે ઘેર પરત આવ્યો તો જોયું કે મારા મકાનને તાળું લાગેલું હતું. મેં તે તાળાને તોડીને ફેંકી દીધું અને હરમૂ હરિજન કોલોની છોડીને યુનિવર્સિટી કોલોનીમાં રહેવા લાગ્યો. પરંતુ અહીં જે ઉચ્ચ જાતિના લોકો હતા તેમને મારું અહીં રહેવું પસંદ ન હતું. તેમને થયું કે હું હરિજન જાતિનો છું તેથી મારી આદતો ખરાબ હશે. તેઓ કહેતાં કે આ હરિજન છે, તે અહીં રહેશે તો માંસ-મચ્છી ખાશે અને દારૂ પીશે. અમારા બાળકો પણ વ્યસન શીખશે. આ કારણસર અહીંના ઉચ્ચજાતિના લોકોએ મારા ઘરે રાત્રે ૯ વાગે ગુંન્ડા મોકલ્યા. ગુંડાઓએ અમને બહુ ધમકીઓ આપી, કહ્યું કે તમારી મા-બહેનને ખાટલા સાથે ઉઠાવીને લઈ જઈશું ત્યારે મેં મારા સમાજના લોકોને એકત્ર કર્યા અને મારી પરેશાની જણાવી ત્યારે હજારોની સંખ્યામાં પુરુષો અને મહિલાઓ ડંડા અને ઝાડૂ લઈને પેલા ગુંડાના ઘેર પહોંચ્યા. તે ગુંડો મારા પગમાં પડ્યો ને કહ્યું કે આ કામ તેને દારૂ પીવડાવીને કોઈએ રૂપિયાના જોરે તમને અહીંથી ભગાડવા માટે કર્યુ હતું. આજે મારી ઉંમર ૮૨ વર્ષ છે, મેં મારા જીવનમાં ક્યારે દારૂ કે જુગાર જેવી કોઈપણ ખોટી આદતને આવવા દીધી નથી, જે લોકો પોતાને ઉચ્ચ જાતિના ગણાવે છે આજે એ જ લોકો આ બુરાઈઓના શિકાર બન્યા છે. મારી આ જ ઈમાનદારી અને કર્મને જોઈને આજે અહીંના લોકો મને ખૂબ ઈજ્જત આપે છે. આજે તેમનું અમારા ઘેર આવવું અને અમારું તેમના ઘેર જવું ચાલ્યા કરે છે. હવે અમે અહીંયા એક સમાજની જેમ રહીએ છીએ. દરેક પર્વ, તહેવાર એકસાથે ઉજવીએ છીએ. દરેક કાર્ય એકસાથે કરીએ છીએ.લગ્ન-વિવાહમાં અમે તેમના ઘરે જઈએ છીએ અને તેઓ અમારા ઘેર આવે છે. હાં, મને તેમની વચ્ચે રહેવાથી એક પ્રેરણા મળી કે દરેક વ્યક્તિ પોતાના જાતિથી મહાન નથી બનતો. તે પોતાની ઈમાનદારી અને કર્મથી મહાન અને ઉચ્ચ બને છે. તેનું ઉદાહરણ છે મારા બાળકો જેઓ આજે શિક્ષિત અને સંસ્કારી હોવાના કારણે જીવનમાં ખૂબ ખુશ છે. આજે મારો પરિવાર મારા પર અને પોતાના પર ખૂબ ગર્વ મહેસૂસ કરે છે કે તેમને પણ સમાજમાં એ જ ઈજ્જત મળે છે જે ઉચ્ચ જાતિના લોકોને મળે છે. તેમને મારા પર ગર્વ છે કે મેં તેમને એવા સંસ્કાર અને શિક્ષણ આપ્યાં જે એક કાબેલ ઈન્સાનમાં હોવાં જોઈએ. મારી એક પૌત્રી છે હંસા પવાર. તે ઉર્સુલાઈન કોન્વેન્ટ સ્કૂલમાં ભણે છે. એક દિવસ તેની સ્કૂલ ડાયરી મળી જેમાં તેને પોતાની જાતિ વિશે લખવાનું હતું. ત્યારે મેં તેને જણાવ્યું કે આપણે હરિજન છીએ. તે બીજા દિવસે સ્કૂલે ગઈ અને તેની ક્લાસ ટીચરે કહ્યું ઉપજાતિ લખવાની છે. ત્યારે તેણે મને પૂછ્યું, તો મેં જણાવ્યું કે આપણે ભંગી છીએ. ત્યારે તે બોલી કે દાદા આપણે ભંગી નથી, તમે શા માટે આવું કહો છો. અને તે રડવા લાગી, મેં મારા બાળકોને ક્યારેય બતાવ્યું નથી કે આપણે ભંગી છીએ. તેમને એ જ શિક્ષણ અને સંસ્કાર આપ્યા જે ઉચ્ચ જાતિના બાળકોને મળે છે. ત્યારે મેં સ્વયંને સવાલ કર્યો કે મારી પૌત્રીના મનમાં આવી હીન ભાવના કેમ આવી ??!! કેમ કે આજે અમારી જાતિના લોકોને આવી હીન ભાવનાથી જોવામાં આવે છે. તેમને આજે પણ અછૂત માનવામાં આવે છે. મેં મારા અનુભવો અને કાર્યો દરમ્યાન જાણ્યું કે આજે પણ ભંગી જાતિના લોકોને અછૂત જ માનવામાં આવેછે. આજે પણ સમાજના જૂના-પુરાણા વિચાર ધરાવનારા ૪૦ % લોકો ગામ કે શહેરોમાં તેમને અછૂત માને છે. એટલા માટે હું નિવેદન કરું છું કે અમારી ઉપજાતિ ભંગી મહેતરને દૂર કરીને વાલ્મિકી ઉપજાતિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરો.

**આપનો વિશ્વાસુ,**

**સજનારામ.**

# શ્રામણેર, બૌદ્ધાચાર્ય અને કેન્દ્રિય શિક્ષકની રાષ્ટ્રિય શિબિરમાં ગુજરાતના ત્રણ ઉપાસકો જોડાયા

ભારતીય બૌદ્ધ મહાસભાના ઉપક્રમે તા. ૨૯ સપ્ટે.થી ૯ ઓક્ટો. ૨૦૧૧ સુધીની શ્રામણેર, બૌદ્ધાચાર્ય અને કેન્દ્રિય શિક્ષકની રાષ્ટ્રિય શિબિર બોધિસત્વ ભૂમિ, ડૉ.આંબેડકર ભવન, નવીદિલ્લી ખાતે યોજવામાં આવેલ. આ શિબિરમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, દિલ્લી અને ગુજરાતના મળી કુલ ૪૧ ઉપાસકો જોડાયા હતા.

તમારા ઉપાસકોને માથે મૂંડન કરાવ્યા હતા. તા. ૨૮ સપ્ટે. ના રોજ સંધ્યાકાળે આ તમામ ઉપાસકોને પ્રવજ્યા ગુરુ ડૉ. ભદન્ત ત્રિપિટીકાચાર્ય જ્ઞાનરત્ન મહારથોએ શ્રામણેરની દીક્ષા આપી ચીવરદાન કરેલું હતું. દીક્ષા બાદ બાલકૃષ્ણ આનંદને ભન્તે બુદ્ધ પાલિતા, વિશ્વનાથ ભોંસલે શાક્ય બાબાને ભન્તે વસુબંધુ અને હરિભાઈ બૌદ્ધને ભન્તે સંઘરક્ષિત એમ ત્રણેય શ્રામણેરોને દીક્ષિત નામ આપવામાં આવેલ હતા.

શિબિરના અંતે લેવાયેલ લેખિત પરીક્ષામાં દીક્ષાદૂત બાલકૃષ્ણ આનંદ સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ નંબરે પાસ થતા તેમની કેન્દ્રિય શિક્ષક તરીકે પસંદગી થયેલી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન અજમેર ખાતે યોજાયેલ બૌદ્ધાચાર્ય શિબિરમાં પણ બાલકૃષ્ણ આનંદ પ્રથમ નંબરે પાસ થયા હતા.

# સાંપ્રદાયિક અને લક્ષિત હિંસા વિધેયક કોમ્યુનલ વાયોલન્સ બીલ - ભાગ : 3

ગતાંકથી ચાલુ....

ભારતમાં મહિલા સશક્તિકરણ એક પ્રમુખ સામાજિક-રાજનીતિક વિષય બની ચૂક્યો છે. જાતિ, ધર્મ, સંપ્રદાય, ભાષાથી ઉપર ઉઠીને મહિલાઓ પર ઘરેલુ હિંસા અને લૈંગિક ઉત્પીડનને સમાપ્ત કરવાના સામૂહિક પ્રયાસો પર પણ આ વિધેયક પ્રહાર કરે છે. સર્વોદયી નેતા જયપ્રકાશ નારાયણ પણ સાંપ્રદાયિકતા ફેલાવવાના અને પૂર્વગ્રહ ગ્રસિત હોવાના આરોપોથી બચી શક્યા નહોતી. મુસ્લીમ લીગે તેમની ઉપર રાહતકાર્યો દરમિયાન હિંદુઓને મુસ્લિમો વિરુદ્ધ ઉશ્કેરવાના આક્ષેપો કર્યા હતા. માર્કસવાદી સિદ્ધાંતકાર રણદીવેએ કેથોલિક સમુદાયને વિશ્વ પ્રતિક્રિયાવાદનો એજંટ ઘોષિત કરીને કેરળમાં શિક્ષણ પર એકાધિકાર સ્થાપિત કરવાનો આરોપ મૂક્યો હતો.

આ સાંકેતિક ઉદાહરણો આપવાનું કારણ જ સ્પષ્ટ જ છે. આ કાયદો અમલમાં આવ્યા પછી અલ્પસંખ્યકોના દ્રષ્ટિકોણ, તેમના ધર્મો, પરંપરાઓ વગેરે કરાએલી ટિકાને આપરાધિક કાયદાના પરીઘમાં લાવી શકાયછે. આનાથી ધર્મનિરપેક્ષતા પરની ચર્ચા નબળી પડશે. ટૂંકમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા જે લોકતંત્રનો સહુથી મહત્ત્વપૂર્ણ આધાર ગણાય છે તે અસંતુલિત થઈ જશે. ‘સમૂહ’ની બહારની વ્યક્તિઓ દ્વારા ‘સમૂહ’ની મહિલાઓ સાથે થનારા ઉત્પીડન અને હિંદુ મહિલાઓ સાથે ‘સમૂહ’ની વ્યક્તિઓ દ્વારા ઉત્પીડન વચ્ચે અંતર રાખવામાં આવ્યું છે. આ કાયદો ફક્ત ‘સમૂહ’ ની મહિલાઓ સાથેના ઉત્પીડનને પોતાના કાર્યક્ષેત્રમાં સમાવશે. (અનુચ્છેદ ૭) પ્રકરણ ૨ માં લૈંગિક અપરાધોનું સાંપ્રદાયીકરણ કરવામાં આવ્યું છે અને એકથી વધુ મહિલાઓ સાથે બલાત્કારને ‘સામૂહિક બળાત્કાર’ તરીકે ઓળખાવ્યો છે. તેની વિભિન્ન શ્રેણીઓ માટે ઓછામાં ઓછા સાત વર્ષથી લઈને દસ, બાર, ચૌદ અને આજીવન સશ્રમ કારાવાસ અને દંડની જોગવાઈ (અનુચ્છેદ) ૧૪(એ)થી(ઇ) માં કરવામાં આવી છે. જો કોઇ હિંદુ મહિલા સાથે કોઇ મુસ્લિમ અથવા ખ્રિસ્તી લૈંગિક અપરાધ કરે તો તેને પ્રચલિત કાયદાને આધારે જ સજા મળશે. ‘સામૂહિક બળાત્કાર’ ની પરિભાષા પણ હિંદુઓની બાબતમાં ‘સમૂહ’કરતાં ભિન્ન હશે.

વધુ આવતા અંકે

સૌજન્ય સહ...

**રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, બિયારણ અને ખેત ઓજારોના અધિકૃત કંપનીઓના માન્ય સરકારી અધિકૃત વિક્રેતા**

**એગ્રી બિઝનેશ સેન્ટર**

ગુજરાત અગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પો. લીમીટેડ દ્વારા માન્ય

**શ્રી સુરેશભાઈ શંકરભાઈ પટેલ**

૨૮, સરદારબાગ શોપીંગ સેન્ટર, એસ.ટી. રોડ, વિરમગામ જી. અમદાવાદ.

મોબાઈલ : ૯૮૨૫૨ ૩૪૫૬૩ ● (ઓ) ૦૭૯-૨૩૨૫૬૩ (રહે) ૨૩૧૩૬૩

Registered under Postal Registration No. GAMC-1760/2010-2012
valid upto 31st December-2012. R.N.I. No.: GUJGUJ/2010/32670
PERMITTED TO POST AT AHD PSO ON 16TH OF EVERY MONTH

### સામાજિક સમરસતા અભિયાન
### સંકટ મોચન આશ્રમ, આર.કે. પૂરમ્ - સેક્ટર - ૬, નવી દિલ્લી.

# અખિલ ભારતીય બેઠક

પરમસ્નેહી,

મંગલ કામનાઓ,

સામાજિક સમરસતા અભિયાનની અખિલ ભારતીય બેઠક આગામી દિનાંક ૨૪, ૨૫, ૨૬ ફેબ્રુઆરી-૨૦૧૨ ના રોજ વિદર્ભ પ્રાન્તના નાગપુર શહેર ખાતે નિશ્ચિત થઈ છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાન્ત માંથી સામાજિક સમરસતા અભિયાનનું પ્રાન્ત નું કાર્ય સંભાળતા કાર્યકર્તા અપેક્ષિત છે.

**બેઠક દિનાંક :** ૨૪ ફેબ્રુઆરી, શુક્રવાર થી ૨૬ ફેબ્રુઆરી રવિવાર ૫-૦૦ વાગે સમાપન થશે.

**બેઠક સ્થાન :** ડૉ.હેડગેવાર સ્મૃતિ ભવન, રેશમબાગ, નાગપૂર - ૪૪૦૦૦૮
ફોન નં- ૦૭૧૨૪-૨૭૪૪૯૯૪

**સંપર્ક સ્થાન :** વિશ્વ હિન્દૂ પરિષદ કાર્યાલય
લક્ષ્મીનારાયણ વિલાસ, દિનાનાથ વિદ્યાલય પાસે, ધન્તૌલી - નાગપૂર - ૪૪૦૧૧૨
ફોન - ૦૭૧૨-૨૪૩૪૩૫૫, ૨૪૪૪૨૯૩
ફેક્સ - ૨૪૬૭૬૧૯
email : vhpnagpur@gmail.com

**અપેક્ષિત :** સામાજિક સમરસતા પ્રાન્ત અધ્યક્ષ કાર્યકારી અધ્યક્ષ/ઉપાધ્યક્ષ/મંત્રી/સહમંત્રી/સંયોજક/સહ સંયોજક/જિલ્લા સંયોજક/ સહ સંયોજક (જ્યાં નિયુક્તી થઈ છે ત્યાંથી)

**વ્યવસ્થા સંપર્ક :**

(૧) શ્રી વિજયરાવજી માતાડે - ૦૯૮૨૨૭૦૬૬૩
(વિદર્ભ પ્રાન્ત સંગઠનમંત્રી-વિ.હિ.પ)

(૨) શ્રી પ્રકાશ વનજારીજી - કેન્દ્રીય સદસ્ય સમરસતા - ૦૮૮૮૮૮૫૨૪૨૬

(૩) શ્રી સંજય બોંદરેજી - સંયોજક - ૦૯૪૨૩૬૮૨૯૩૯

(૪) શ્રી કિશોર ડવલેજી - સહસંયોજક- ૦૯૪૨૨૧૦૧૩૨૫

(૫) ડૉ.કૃષ્ણ શહાણેજી-અધ્યાક્ષ નાગપુર શહેર- ૦૯૮૨૩૮૦૯૯

# પ્રેસ નોટ

આજ રોજ તા. ૧૨/૧૧/૧૧ ને શનિવારે શ્રી જય ચામુંડા કો.ઓપ.ક્રેડીટ એન્ડ થ્રીફ્ટ સો.લી.મહેસાણાના ચેરમેનશ્રી રણછોડભાઈ એસ.રાવતની અધ્યક્ષતામાં સંસ્થાની ઓફીસે મરણ પામેલા સભાસદોના વારસદારોને મૃત્યુ સહાય ચેક અર્પણ કરવા માટે સભા યોજેલ જેમાં કુલ-(૫) સભાસદોના અવસાન થતાં સંસ્થાની ઓફીસે 'ડેથ રીલીફ સ્કીમ' યોજના અન્વયે મૃતક સભાસદના વારસદારને રૂા. ૧૧,૧૦૦/- મૃત્યુ સહાય ચૂકવવામાં આવેલ.

ચેક અર્પણ વિધિ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ડીરેક્ટરશ્રી ગાભાભાઈ એમ.સેનમા, વા. ચેરમેનશ્રી જેસંગભાઈ એસ. સેનમા તથા સર્વ બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ તથા અન્ય સહકારી આગેવાનો હાજર રહેલ અને મરણ પામેલા સભાસદોના માનમાં બે મીનીટ મૌન પાળેલ આમ સંસ્થાના મૃતક સભાસદોના વારસદારોને મૃત્યુ સહાય આપી કૌટુંબીક ભાવનાને મૂર્તિમંત કરવા પ્રયાસ કરેલ છે.

મરણ પામેલ સભાસદોના નામની યાદી નીચે મુજબ :

| | નામ | ગામ | મૃત્યુ સહાય રકમ |
|---|---|---|---|
| ૧) | સ્વ.નર્મદાબેન વિષ્ણુભાઈ સેનમા | બુટાપાલડી | ૧૧૧૦૦/- |
| ૨) | સ્વ.ચેહરભાઈ ભીખાભાઈ રાવત | વાવ | ૧૧૧૦૦/- |
| ૩) | સ્વ.જેસંગભાઈ બબાભાઈ પરમાર | મુલસણ | ૧૧૧૦૦/- |
| ૪) | સ્વ.રમેશભાઈ કાનાભાઈ સેનવા | મુલસણ | ૧૧૧૦૦/- |
| ૫) | સ્વ.શાન્તાબેન મફાભાઈ સેનમા | નાગલપુર | ૧૧૧૦૦/- |

શ્રી જય ચામુંડા કો-ઓપ.ક્રેડીટ એન્ડ થ્રીફ્ટ સોસાયટી લી.મહેસાણા

### સમરસતા સેતુ - દાનભેટ ઋણસ્વિકાર

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ૧૦૧/- | શ્રી ભરતભાઈ ગોવિંદભાઈ પટેલ | પાનસર | જ.તા. ૧૯-૧૧-૧૯૬૩ જન્મ દિવસ નિમિત્તે ધર્મ સેવાર્થે ભેટ. |
| ૨. | ૧૦૧/- | શ્રી સુધીરકુમાર ગોવિંદભાઈ પટેલ | પાનસર | જ.તા. ૨૨-૧૧-૧૯૬૮ જન્મ દિવસ નિમિત્તે ધર્મ સેવાર્થે ભેટ. |
| ૩. | ૧૦૧/- | શ્રી પ્રિયાન્સી સુધીરભાઈ પટેલ | પાનસર | જ.તા. ૧૨-૧૧-૨૦૦૧ જન્મ દિવસ નિમિત્તે ધર્મ સેવાર્થે ભેટ. |

પ્રતિ શ્રી,

નોંધ :- 'સમરસતા સેતુ' માસિકમાં પ્રકાશિત લેખ અને વ્યક્ત થયેલા વિચારો તેમજ દષ્ટિકોણ એ સંબંધિત લેખકોના છે સંપાદક-તંત્રી તેમનાથી સહમત છે એવું આવશ્યક નથી. બધા જ કાયદાકીય વિવાદ પ્રકાશન તારીખથી ૩(ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયાલય ક્ષેત્રમાં થઈ શકશે.